જાહેર સાહસો તેમજ સરકારી કચેરી/ સંસ્થા/ સોસાયટીના વધારાના ફંડને G.S.F.S.માં જમા કરવવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: જનવ/૧૦/૨૦૧૧/૧૮૨૯૧૦/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૧૧/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧)પીએલએ/૧૦૯૪/૩૦૮૮/ખ, તા. ૨૬/૦૭/૧૯૯૫
(૨) એસટીએસ/૧૦૯૯/૪૪૨૮/અ તા. ૧૯/૧૧/૧૯૯૯
(૩) એસટીએસ/૧૦૨૦૦૦/૪૦૪૮/અ તા. ૨૯/૧૧/૨૦૦૦
(૪) જનવ/૧૦/૨૦૧૧/૧૮૨૯૧૦/અ તા. ૦૧/૦૯/૨૦૧૪
(૫) જનવ/૧૦/૨૦૦૧/૧૮૨૯૧૦/અ તા. ૧૬/૦૯/૨૦૧૪
(૬) જનવ/૧૦/૨૦૦૧/૧૮૨૯૧૦/અ તા. ૨૯/૧૦/૨૦૧૬

પરિપત્ર :-

ઉપર નિર્દિષ્ટ ઠરાવોથી રાજ્ય સરકારની કચેરીઓ, જાહેર સાહસો, સંસ્થા, સોસાયટી વગેરે દ્વારા જો કોઈ રકમ વણવપરાયેલી હોય તો તે રકમ ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વીસીઝ(G.S.F.S.)માં મુકવા સૂચનાઓ આપવામાં આવેલ છે. આમ છતાં એવું ધ્યાને આવેલ છે કે રાજ્યની કેટલીક કચેરીઓ, જાહેર સાહસો તેમજ સરકારી સંસ્થા/ સોસાયટી દ્વારા આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થતું નથી અને મોટી રકમ જી.એસ.એફ.એસ.માં જમા નહી કરાવીને લાંબા સમય સુધી બેંકોના ચાલુ ખાતાઓમાં/બચત ખાતાઓમાં નજીવા વ્યાજથી અથવા વ્યાજ વગર મુકી રાખવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વીસીઝ (G.S.F.S.)માં મુકવામાં આવેલ ડીપોઝીટ પરના વ્યાજના દરો બેન્કો કરતાં પ્રમાણમાં વધારે હોઈ, તેમજ જમા રકમ ગમે ત્યારે ઉપાડવાની સવલત પણ G.S.F.S.માં અપાતી હોઈ, વહીવટી વિભાગોના નિયંત્રણ હેઠળના રાજ્ય સરકારની કચેરી/ જાહેર સાહસ/ સંસ્થા/ બોર્ડ/ નિગમ/ સોસાયટી/ મિશન / ટ્રસ્ટ /ઈન્સ્ટીટ્યુટ વગેરે પાસે જો કોઈ રકમ વણવપરાયેલી હોય તો આવી રકમ તુરત જ અથવા તો વધુમાં વધુ દસ દિવસની અંદર વર્કીંગ કેપિટલ માટેની જરૂરિયાત બાદ કરીને G.S.F.S.માં થાપણ તરીકે જમા કરાવવા અંગે સંબધિત કચેરીઓ/ સંસ્થાઓને અમલ કરવા તેમજ તેમના હસ્તકના અધિકારીઓને જરૂરી સૂચના આપવા પુન: સચિવાલયના વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે.

વણવપરાયેલ સરકારી ફંડ જી.એસ.એફ.એસ.માં જ જમા કરાવવાની રાજ્ય સરકારની ઉક્ત સુચનાઓ હોવા છતાં તાજેતરમાં નાણા વિભાગના ધ્યાનમાં આવેલ કે કેટલાક વિભાગોએ સરપ્લસ ફંડના નાણા વિવિધ બેંકમાં રોકેલ છે. તે સંદર્ભે વિભાગોએ જણાવ્યું છે કે ખાનગી બેંકોમાં નાણા મુકવાની સવલત સામે બેંકો દ્વારા ડેટા એન્ટ્રી ઓપરેટર તેમજ અન્ય સેવાઓ વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે. પરંતુ, આ રજુઆત સ્વીકાર્ય નથી. તેમજ તે સરકારશ્રીની સુચના સાથે સુસંગત નથી, અને G.S.F.S.માં નાણા નહી જમા કરાવવા માટે સ્વીકારી શકાય તેવુ કારણ નથી.

અમુક કચેરીઓ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે એ.જી. દ્વારા વાંધો ઉપસ્થિત કરવામાં આવે છે કે સરપ્લસ નાણા રાષ્ટ્રીયકૃત બેંકોમાં કેમ જમા કરવામાં આવેલ નથી. આ સંદર્ભે આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે એ.જી.ના આ પ્રકારના વાંધા અન્વયે રાજ્ય સરકારની નીતિવિષયક સુચનાઓની જાણ અને સ્પષ્ટતા એ.જી.ને કરવા આથી સર્વે વિભાગોને જણાવવામાં આવે છે. વધુમાં અમુક કચેરીઓ દ્વારા એ.જી. પારાની જાણ નાણા વિભાગને કરેલ છે, પરંતુ સરપ્લસ નાણાં પ્રાઈવેટ બેંકોમાં જમા કરાવેલ છે. જેથી પણ તેમની દલીલ સ્વીકાર્ય નથી. અને આ વિષયે સરકારની નીતિનો જ અમલ કરવાનો રહે છે.

આથી દરેક વિભાગ અને ખાતાના વડાને સ્પષ્ટ પણે સુચના આપવામાં આવે છે કે વણવપરાયેલ ફંડની રકમ, જે દસ દિવસની જરૂરીયાત કરતાં વધારે હોય તે, કોઈપણ સ્વરૂપે કોઈપણ બેંકમાં જમા કરાવવી નહી. હવે પછી જો કોઈ કચેરી/ જાહેર સાહસ/સંસ્થા /બોર્ડ/ નિગમ/ સોસાયટી/ ઈન્સ્ટીટ્યુટ/મિશન / ટ્રસ્ટ વગેરે દ્વારા રાજ્યની યોજનાના અમલ માટે ફાળવવામાં આવેલ વણવપરાયેલ (સરપ્લસ) રકમ બેન્કમાં ડીપોઝીટ કરવામાં આવે અને તેના કારણે રાજ્યને વ્યાજનું જે નાણાકીય નુકસાન થશે તે અંગે જે તે કચેરી / જાહેર સાહસ/સંસ્થા /બોર્ડ/ નિગમ/ સોસાયટી/ ઈન્સ્ટીટ્યુટ/મિશન / ટ્રસ્ટ વગેરે ના સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવશે.

સચિવાલયના દરેક વહિવટી વિભાગે તેની હસ્તકના ખાતાના વડા/ કચેરીઓ હેઠળ આવતા જાહેર સાહસ બોર્ડ(નિગમ)/ કોર્પોરેશન/ ટ્રસ્ટ/ મિશન/ સંસ્થા/ ઈન્સ્ટીટ્યુટ વગેરે પાસે રહેલ સરપ્લસ ફંડના નાણા જી.એસ.એફ.એસ.ને બદલે વિવિધ બેંકોમાં જમા કરાવેલ હોય તો તેની માહિતી સંકલિત કરી આ સાથે બિડેલ પત્રક(પરિશિષ્ટ મુજબ)માં જે તે કેલેન્ડર માસ પૂર્ણ થયા બાદના મહીનાની ૧૫ તારીખ સુધીમાં તૈયાર કરીને જે તે વહીવટી વિભાગે નાણા વિભાગ જાહેર સાહસ બ્યુરોને વિગતો મોકલી આપવાની રહેશે, તેમજ સરપ્લસ ફંડ અંગેની નાણા વિભાગની ઉક્ત સુચનાઓનું પાલન થાય તેનું પણ મોનિટરીંગ કરવાનું રહેશે.

ઉક્ત સુચનાનું ચુસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડા તેમજ જાહેર સાહસ/ સંસ્થા/ બોર્ડ/ નિગમ/ સોસાયટી/ મિશન / ટ્રસ્ટ /ઈન્સ્ટીટ્યુટને જણાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલના હુકમથી અને તેમના નામે.

બીડાણ: પત્રક(પરિશિષ્ટ)

(ચંદ્રવદન મેકવાન)
સંયુક્ત સચિવશ્રી(જા.સા.)
નાણાં વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- સચિવાલયના સર્વે વિભાગોના સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી (તેની હસ્તકના જાહેર સાહસો/સંસ્થા/ટ્રસ્ટ/ સોસાયટીને યોગ્ય કાર્યવાહી અર્થે પરિપત્રિત વિનંતી સહ)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી(અમદાવાદ/રાજકોટ)
- તમામ કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/બધા તીજોરી અધિકારીઓ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી(અમદાવાદ/ ગાંધીનગર)
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રી (નાણા સલાહકાર સહિત) અને નાણા વિભાગની તમામ શાખાઓ.
- નાણા વિભાગ હેઠળના બધાજ ખાતાના વડાઓ
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, (જાહેર સાહસો/સંસ્થા/ટ્રસ્ટ/ સોસાયટી)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વીસસ લિ. અમદાવાદ
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ પર આ પરિપત્ર અપલોડ કરવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ
- ના.સે.અ સીલેક્ટ ફાઇલ

# પરિશિષ્ટ

| Monthly Statement of Surplus Fund not parked with G.S.F.S | | | | |
|---|---|---|---|---|
| Name of Department | | | | (Rs. In Crore) |
| Sr. No. | Name of PSU/Society/Parastatal Body/Institute/ Trust/Mission | Amount Above Rs. 10 Crore | Name of the Bank branch & Account No. In which the amount is parked | Reason for keeping in Bank account |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |